| Innovation ID | DTP0010000006256 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | પાકનો ઝડપી ઉગાવો |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | Lok-૯(૨), March-Apr. ૨૦૦૪, pg.no. ૩ |
| Brief | પાકના ઝડપી ઉગાવા માટે આકોલ(<i>Alangium salvifolium</i>) નો ઉપયોગ |
| Detail | ધીરુભાઈ કહે છે કે મેં વૃક્ષાયુર્વેદમાં વાંચ્યું હતું કે આકોલ(<i>Alangium salvifolium</i>) નાં બીજ ખાંડીને બનાવેલ દ્રાવણમાં વાવેતર માટેનાં બીજ પલાળી વાવણી કરવાથી સ્ફૂરણ ઝડપી થાય છે. આ માહિતીના આધારે સાગનાં બીજના ઉગાવા માટે પ્રયોગ કર્યો. સામાન્ય રીતે સાગના બીજ ૩૦ દિવસથી ૧૦૦ દિવસ સુધી અનિયમિત ઊગતાં હોય છે. મેં આકોલના સુકા બીજને ખાંડીને તે દ્રાવણમાં ૧૨ કલાક સાગનાં બીજ પલાળી રાખ્યાં. ત્યારબાદ ધરુવાડિયામાં નાખ્યાં તો ૧૫ દિવસમાં સંપૂર્ણ ઉગાવો જોવા મળ્યો હતો. આ પ્રયોગથી મારી ઉત્સુકતા વધી છે.<br><br>વનસ્પતિની ઓળખ:<br>આંકોલ – આંકોલ નામની વનસ્પતિનું ઝાડ થાય છે. તેની ઉંચાઈ ૧૫ થી ૨૦ ફૂટ જેટલી હોય છે. તેના ઝાડ પર કાંટા હોય છે. તેના પાન ૩થી ૪ ઈંચ લાંબા હોય છે. તેના ફુલ વસંતઋતુમાં આવે છે. તેના ફળ કાચા હોય ત્યારે લીલા રંગના હોય છે. જ્યારે પાકા થાય ત્યારે જાંબુ કલરના અને જાંબુ જેવા જ હોય છે.<br><br>અન્ય ઉપયોગ કર્તા:<br>નાગાર્જુનભાઈ અર્જુનભાઈ<br>લાંબાભાઈ એસ હડમતીયા<br><br>પાકના ઝડપી ઉગાવા માટે આંકલના બીજ વાટી તેમાં ગમે તે પાકનાં બિયારણ નાખવાથી ઝડપી ઉગાવો થાય છે. આ પદ્ધતિનો ઉપયોગ ખેડૂત શ્રી ધીરુભાઈ જાતે અજમાવે છે. અને હાલ પણ આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. બીજા ગામના ખેડૂત શ્રી નાગાભાઈ અર્જુનભાઈએ પણ આ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. તથા લાંબાભાઈ હડમતીયાએ પણ આ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.<br><br>(નોંધ:- આ પદ્ધતિનું પીઆઈસી, ઑગસ્ટ ૨૦૦૬માં કિરણભાઈ. આર. રાઠવાએ કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે. તેનો ઉપયોગ હાલ કરે છે.) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | આકોલ(<i>Alangium salvifolium</i>) |
| IPR Status | |
| Keywords | ઝડપી, ઉગાવો, પાક, આકોલ, જૂનાગઢ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૩૭૪૯ | Member Type | Scout | | |
| First Name | રમેશભાઈ | Middle Name | બી | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૩૨૦ | Member Type | Innovator | | |
| First Name | ધીરુભાઈ | Middle Name | વાલજીભાઈ | Last Name | ગધેસરિયા |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મું. ધાવા | Taluka | તાલાલા | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચય:
ખેડૂત પોતે ધીરુભાઈ વાલજીભાઈ ગધેસરીયા. તેઓની ઉંમર ૪૮ વર્ષની છે તેમના પત્ની છે. તેમને સંતાનો ૫ છે. તેઓને માતા-પિતા છે. જમીન ૧૦ એકર છે. તેઓ પાકમાં આંબા, નારિયેળી, ઔષધીઓ પકવે છે. પિયતની સુવિધામાં મોટર દ્વારા પિયત કરે છે. પશુઓમાં ગાય ૧ અને ભેંસ ૨ છે. આવકના સાધનોમાં ખેતી છે.

ગામનો પરિયય:
આ ગામની વસ્તી અંદાજે ૬૫૦૦ જેટલી હશે ગામમાં કૂવા, તળાવ, નદી, પંચાયત, પોસ્ટઓફિસ, બેન્ક, મંદિર જેવું આવેલું છે. ગામમાં ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળા તથા ૮ થી ૧૦ ધોરણની માધ્યમિક શાળા તથા બાલમંદિર આવેલું છે. ગામમાં શિક્ષણની સુવિધા છે અને શિક્ષણનું પ્રમાણ પણ સારું એવું જોવા મળે છે. ઉત્સવો- સાતમ, આઠમ, નવરાત્રી, દિવાળી, હોળી જેવા ઉત્સવો ઉજવે છે. વૃક્ષોમાં નારિયેળી, આંબા, લીમડા જેવા વૃક્ષો જોવા મળે છે. જ્ઞાતિ કારડિયા રાજપુત, કધેસરીયા પટેલ, જ્ઞાતિના લોકો વસે છે. તેઓની આવકના સાધનો ખેતી, પશુપાલન, નોકરી, ધંધો કરી પોતાની આવક મેળવે છે. ગામથી તાલુકાનું અંતર - ૯ કિલોમીટર દૂર આવેલો છે. જ્યારે જિલ્લો ગામથી ૯૦ કિલોમીટર દૂર આવેલો છે. ગામમાં પાકા રસ્તા આવેલાં હોવાથી વાહન-વ્યવહારની અવર-જવર ચાલું છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૭૫ | Member Type | Verifier | | |
| First Name | કિરણસિંહ | Middle Name | રતનસિંહ | Last Name | રાઠવા (ચૌહાણ) |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. મેઘરી, પો. કંજેટા | Taluka | ધાનપુર | | |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |